પૂર્ણા યોજના અતગેત સુરત ઝોન કક્ષાએ ૦૧ જગ્યા અને સુરત, જુનાગઢ અને ગાંધીનગર કોર્પોરેશન કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૩ જગ્યા એમ કુલ-૦૪ જગ્યાઓની સેવા આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ WCDD/IMR/e-file/23/2022/0054/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ, તા. ૧૯/૦૮/૨૦૧૯.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૨૨/૪૬/બ-૧, તા.૨૪/૦૪/૨૦૨૨.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ-૧, તા.૦૭/૦૫/૨૦૨૨.
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:WCDD/IMR/e-file/23/2022/0979/B, તા.૦૧/૦૩/૨૦૨૪
5. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0054/B તા.૦૩/૦૪/૨૦૨૪.

//આમુખ//

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય/ઝોન અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની સેવાઓ ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી આઈસીડીએસ યોજના અન્વયે પૂર્ણા યોજનાની કામગીરી માટે નવી સેવા વર્ષ ૨૦૨૨-૨૩ તરીકે જુનાગઢ મહાનગરપાલિકા ખાતે પૂર્ણા કન્સલ્ટન્ટની આઉટસોર્સની ૦૧ (એક) જગ્યા ઉભી કરવાની મંજુરી આપવામાં આવેલ હતી અને વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી પૂર્ણા યોજનાની કામગીરી માટે પ્રાદેશિક કચેરી, સુરત અને સુરત મહાનગર પાલિકા ખાતેની કુલ-૦૨ પૂર્ણા કન્સલ્ટન્ટની ખાલી જગ્યાઓ મંજુરી મળ્યાની તારીખથી એક માસમાં આઉટસોર્સથી ભરવાની શરતે માન્ય એજન્સી મારફતે વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૪) પરના ઠરાવથી આઈસીડીએસ યોજના અન્વયે પૂર્ણા યોજનાની કામગીરી માટે નવી સેવા વર્ષ ૨૦૨૪-૨૫ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે પૂર્ણા કન્સલ્ટન્ટની આઉટસોર્સની ૦૧ (એક) જગ્યા ઉભી કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૫) પરના ઠરાવથી પૂર્ણા યોજના અંતર્ગત સુરત ઝોન કક્ષાએ ૦૧ જગ્યા અને સુરત, જુનાગઢ કોર્પોરેશન કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૨ જગ્યા એમ કુલ-૦૩ જગ્યાઓની સેવા આઉટસોર્સથી લેવાની મંજુરી આપવામાં આવેલ હતી.

પૂર્ણા યોજનાની કામગીરી માટે પ્રાદેશિક કચેરી, સુરતની રીજનલ પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૧ જગ્યા અને ગાંધીનગર કોર્પોરેશન જુનાગઢ કોર્પોરેશન અને સુરત કોર્પોરેશનમાં ડિસ્ટ્રીક્ટ પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૩ જગ્યા એમ કુલ-૦૪ જગ્યાની આઉટસોર્સની સેવાઓની મુદ્દત લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

// ઠરાવ //

પૂર્ણા યોજનાની કામગીરી માટે પ્રાદેશિક કચેરી, સુરતની રીજનલ પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૧ જગ્યા તથા ગાંધીનગર કોર્પોરેશન, જુનાગઢ કોર્પોરેશન અને સુરત કોર્પોરેશનમાં કોર્પોરેશન પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૩ જગ્યાની આઉટસોર્સની સેવાઓ એમ કુલ-૦૪ પૂર્ણા કન્સલ્ટન્ટની જગ્યાઓ ભરાયેલ હોવાની શરતે આ જગ્યાની આઉટસોર્સની સેવાઓની મુદત તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક મહેનતાણું રૂ. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રિજનલ પૂર્ણા કન્સલ્ટન્ટ(સુરત) | ૧ | ૪૦,૦૦૦/- |
| ૨ | ડિસ્ટ્રીક્ટ પૂર્ણા કન્સલ્ટન્ટ(ગાંધીનગર કોર્પો., સુરત કોર્પો. અને જુનાગઢ કોર્પો.) | ૦૩ | ૨૫,૦૦૦/- |
| | કુલ | ૦૪ | |

૨/- ઉક્ત મુદ્દત પૂર્ણ થયા બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૬/૨૦૨૫ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.આર.પ્રજાપતિ
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, મ્યુનિસીપલ કોર્પોરેશન સુરત, જુનાગઢ, ગાંધીનગર.
4. નાયબ નિયામકશ્રી વિભાગીય નાયબ નિયામકશ્રી, સુરત.
5.. સ઼ંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસીપલ કોર્પોરેશન સુરત, જુનાગઢ, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ
8. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાધીનગર
9. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઈલ
10. સિસ્ટમ મેનેજરરી, ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
11. શાખા સિલેકટ ફાઈલ